સરખેજ-ગાંધીનગર, સિંધુ ભવન માર્ગ, સરદાર પટેલ રિંગ રોડ પર ગતિ મર્યાદા નક્કી કરાઈ

અમદાવાદ,તા.૨૧

શહેરમાં કાર હાંકતા લોકો માટે આ સમાચાર અત્યંત મહત્વના છે. હવે જો તમે સરખેજ-ગાંધીનગર રોડ, સિંધુ ભવન રોડ અને સરદાર પટેલ રિંગ રોડ પર કાર લઈને નીકળો તો સુનિશ્ચિત કરજો કે તમારી ગાડીની સ્પીડ ૭૦ કિમી પ્રતિ કલાકથી વધે નહીં. જો તમારી કારની સ્પીડ ૭૦ કરતા વધારે જણાશે તો પહેલા તો બે વાર તમને તે જ સ્થળે દંડ ફટકારવામાં આવશે અને ત્રીજી વાર જો આ ભૂલ કરી તો તમારું ડ્રાઈવિંગ લાઈસન્સ રદ કરી દેવામાં આવશે. જો ટુ-વ્હીલરની વાત કરવામાં આવે તો ૧૦૦ક્ષ્ઠ ડિસ્પ્લેસમેન્ટથી ઓછા દ્વિચક્રી વાહનો માટે ઝડપ મર્યાદા ૬૦ કિમી પ્રતિ કલાક હશે, જ્યારે બાકીના વાહનોની ૫૦ કિમી પ્રતિ કલાક હશે. ઉલ્લેખનીય છે કે આ નિયમનું ઉલ્લંઘન કરનાર વાહનચાલકોને પકડવા માટે ટ્રાફિક પોલીસ દ્વારા કડક પગલાં લેવામાં આવ્યા છે. શહેરની ટ્રાફિક પોલીસ દ્વારા સરખેજ ગાંધીનગર રોડ, સિંધુ ભવન રોડ, સરદાર પટેલ રિંગ રોડ સહિતના અન્ય વિસ્તારોમાં સ્પીડ ગન સાથેના આઠ ઈન્ટરસેપ્ટર્સ તૈનાત કરવામાં આવ્યા છે. જોઈન્ટ કમિશનર ઓફ પોલીસ(ટ્રાફિક) મયંકસિંહ ચાવડા જણાવે છે કે, પ્રથમ વાર જે વાહનચાલક નિયમનો ભંગ કરતા પકડાશે તો તેને ૨૦૦૦ રુપિયા દંડ ફટકારવામાં આવશે. બીજી વાર જો નિયમ તોડવામાં આવશે તો ૪૦૦૦ રુપિયા દંડ ફટકારવામાં આવશે અને ત્રીજી વાર તે વાહનચાલકનું લાઈસન્સ રદ કરી દેવામાં આવશે. તેમણે જણાવ્યું કે, અમારી પાસે આઠ ઈન્ટરસેપ્ટર્સ છે અને હાઈવે પેટ્રોલ વ્હીકલ્સ પણ તૈનાત કરવામાં આવ્યા છે, જે વાહનની ઝડપ પર નજર રાખશે. અધિકારીઓએ જણાવ્યું કે, આ પ્રકારના અભિયાન ભૂતકાળમાં પણ સમયાંતરે આયોજિત કરવામાં આવ્યા હતા. આ જ વર્ષે માર્ચ મહિનામાં ટ્રાફિક પોલીસ દ્વારા ૫૭ લોકોની પકડ કરવામાં આવી હતી. આ રસ્તાઓ પર સ્પીડ લિમિટના બોર્ડ લગાવી દેવામાં આવ્યા છે, અને વાહનચાલકોએ સુનિશ્ચિત કરવાનું રહેશે કે તેઓ ગતિ મર્યાદાનું પાલન કરે. નોંધનીય છે કે અધિકારીઓએ ખુલાસો કર્યો છે કે આ ગતિ મર્યાદા એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ તેમજ અન્ય મેડિકલ ઈમર્જન્સીના વાહનો અને પોલીસના વાહનોને લાગુ નથી થતી.

ઘણા વિસ્તારોની સ્પીડ લિમિટ ૭૦ કિમી પ્રતિ કલાક નક્કી કરાઈ

મુખ્યમંત્રી અને વાહન વ્યવહાર મંત્રીએ પ્રારંભ કરાવ્યો

ડ્રાઈવિંગ સ્કુલ એસોસિએશનનાં નેશનલ કન્વેશનનો પ્રારંભ થયો

૨૨ રાજ્યોના પ્રતિનિધિઓ સહભાગી થયા હતા

ગાંધીનગર, તા.૨૧

ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ ડ્રાઈંગ સ્કુલ એસોશિયેશનના નેશનલ કન્વેન્શનનો પ્રારંભ મુખ્યમંત્રીએ કરાવ્યો હતો. વાહન વ્યવહાર રાજ્યમંત્રીની હાજરીમાં દેશના ૨૨ રાજ્યોના પ્રતિનિધિઓ સહભાગી થયા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટ મત વ્યક્ત કર્યો છે કે, મોટર ડ્રાઈવિંગ સ્કૂલ સંચાલકો તેમની પાસે વાહન ચલાવતા શીખવા આવનારાઓમાં ટ્રાફિક અવેરનેસ, સુરક્ષિત-સલામત ડ્રાઈવિંગની જાગૃતિ દ્વારા રાષ્ટ્રસેવાનું દાયિત્વ પ્રકટ કરે અને નિભાવે તે ખુબ જ જરૂરી છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ કહ્યું કે, સરહદની રક્ષા કરતા સેનાનીઓ દુશ્મનથી દેશને સુરક્ષિત સલામત રાખે છે, એ જ પરીપાટીએ પદ્ધતિસરનું, સુરક્ષિત અને સલામત ડ્રાઈવિંગ વાહનચાલકોને શીખવી ડ્રાઈવિંગ સ્કૂલ એસોસીએશન પણ સમાજ જીવનને અકસ્માતની દુર્ઘટનાઓથી સુરક્ષિત રાખી માનવ જિંદગી બચાવી શકે છે. મુખ્યમંત્રી ગાંધીનગરમાં યોજાઈ રહેલા ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ ડ્રાઈવિંગ સ્કૂલ એસોસિયેશનના એન્યુઅલ નેશનલ કન્વેન્શનના પ્રારંભ અવસરે સંબોધન કરી રહ્યા હતા. વાહન વ્યવહાર રાજ્યમંત્રી અરવિંદ રૈયાણી તેમજ એસોસિએશનના રાષ્ટ્રીય સ્તરના અને ગુજરાત રાજ્ય એકમના પ્રમુખ, ઉપપ્રમુખ સહિત પદાધિકારીઓ આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા. દેશના ૨૨ રાજ્યો અને ૨ કેન્દ્ર શાસિત પ્રદેશોના ડ્રાઈવિંગ સ્કૂલ એસોસિયેશનના પ્રતિનિધિઓ આ કન્વેન્શનમાં ભાગ લઈ રહ્યા છે. ભૂપેન્દ્ર પટેલે ટ્રાફિક ડિસિપ્લિન અને રોડ સેફટીની સજાગતા એ બેય બાબતો ડ્રાઈવિંગ શીખવા માટે પાયામાં રહેલી છે, તેની ભૂમિકા આપી હતી. મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, સામાન્યતઃ અકસ્માત વાહન ચાલકની નાની ભૂલ, વધુ ઝડપ જેવી બાબતોથી સર્જાતા હોય છે અને ક્યારેક જીવલેણ પણ બની જાય છે. આપણે એવો સંકલ્પ કરીએ કે સુરક્ષિત, સલામત, ગતિમર્યાદા સાથે અને વાહન ચાલનના નિયમોના પાલન સાથે વાહન ચલાવીશું તે પણ રાષ્ટ્રની એક પ્રકારે સેવા જ છે. એવું મુખ્યમંત્રીએ ડ્રાઈવિંગ સ્કૂલ એસોસિયેશનના સભ્યોને પ્રેરણા આપતાં ઉમેર્યું હતું. વાહનવ્યવહાર રાજ્યમંત્રી અરવિંદ રૈયાણીએ એસોસિએશનના વિવિધ રાજ્યના પદાધિકારીઓ અને કન્વેન્શનમાં ભાગ લઈ રહેલા સૌને ટ્રાફિક અવેરનેસ માટેની સજાગતા લોકોમાં કેળવવા અપીલ કરી હતી. ગુજરાતના વાહન વ્યવહાર વિભાગે અદ્યતન ટેક્નોલોજીનો ઉપયોગ કરીને લાયસન્સ ઈસ્યુ, વાહન રજીસ્ટ્રેશન વગેરેમાં ઓનલાઈન સહિતની પદ્ધતિ અપનાવી છે તેની પણ વિગતો તેમણે આપી હતી. આ અવસરે રાજ્યોના પ્રતિનિધિઓએ પોતાના રાજ્યની પરંપરાગત કલાકૃતિની ભેટ આપીને મુખ્યમંત્રીનું અભિવાદન કર્યું હતું.

પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

લોન અપાવવાના બહાને છેતરપિંડી આચરતા બંટી-બબલી ઝડપાયાં

વડોદરા ખાતે રહેતું એક યુગલ સુરતના એક વ્યક્તિને ઋણ આપવાના નામે ઠગાઇ કરી રહ્યા હોવાની ફરિયાદ સામે આવી હતી

સુરત,તા.૨૧

છેલ્લા કેટલાક સમયથી સુરતમાં લોન આપવાના બહાને છેતરપિંડી આચરવાના કેસ વધી રહ્યા હતા. આ મામલે બંટી-બબલીની આખરે ધરપકડ થઈ છે. આ મામલે સુરત સાઈબર ક્રાઈમમાં સુરતના એક વ્યક્તિએ ફરિયાદ કરતાં સાઈબર ક્રાઈમની ટીમે બરોડા ખાતેથી બંનેને ઝડપી પાડી તેમના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી પ્રમાણે સુરતમાં લોન લેવાના નામે ઓનલાઈન એપ્લિકેશનથી અથવા કોઈ પણ અલગ અલગ પ્રકારે લોકો સાથે છેતરપિંડીની ફરિયાદો સતત સુરત સાઈબર સેલમાં આવતી હતી. આ દરમિયાન માલુમ પડ્યું હતું કે વડોદરા ખાતે રહેતું એક યુગલ સુરતના એક વ્યક્તિને ઋણ આપવાના નામે ઠગાઈ કરી રહ્યા હોવાની ફરિયાદ સામે આવી હતી. સુરતમાં રહેતા એક વ્યક્તિને એક લાખ રૂપિયાની લોનની જરૂર હોવાની હતી. આથી તેણે ફેસબુક પર એક મેસેજ મૂક્યો હતો, જેના આધારે યુગલે આ યુવકનો સંપર્ક કર્યો હતો. આ યુગલે પહેલા આ યુવકને વિશ્વાસમાં લીધો હતો. બાદમાં વડોદરા ખાતેની ફાઈનાન્સ કંપનીમાંથી બોલતા હોવાનું જણાવી રૂ. ૧,૦૦,૦૦૦ લોન અપાવવાનું જણાવી તા. ૧૦/૦૩/૨૦૨૨ના રોજ સુરત આવીને લોનના નામે પી.ઓ.એસ. મશીનમાં ડેબીટ કાર્ડ સ્વેપ કરાવી તેઓની જાણ બહાર તેમના નામે રૂ.૫૦,૦૦૦ની લોન કરી નાણાં બારોબાર ટ્રાન્સફર કરીને છેતરપિંડી આચરી હતી. જોકે, આ મામલે સુરતના યુવાને સાઈબર ક્રાઈમ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ બાદ સુરત સાઈબર સેલે મિત્તલ મહેન્દ્રભાઈ હીરાલાલ પરમાર, દક્ષેશ મહેન્દ્રભાઈ હીરાલાલ પરમારની ધરપકડ કરીને તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરી છે. આ બંટી-બબલીની ગેંગે ભૂતકાળમાં અન્ય કોઈ લોકો સાથે પણ છેતરપિંડી કરી છે કે કેમ તે દિશામાં પોલીસ તપાસ આરંભી છે. દારૂની હેરાફેરી કરવા માટે ખેપિયાઓ અવનવા કસબ અજમાવતા હોય છે ત્યારે સુરતમાં બે કપલો મળીને કારમાં દારૂની હેરાફેરી કરતા હતા. જોકે સુરત પોલીસે બે કપલોની ધરપકડ કરી છે. સાથે પોલીસે ભારતીય બનાવટની વિદેશી દારૂની વ્હીસ્કીની બાટલીઓ કુલ્લે નંગ-૨૮૦ (કુલ્લે લીટર ૯૮) જેની કુલ્લે કિ.રૂ. ૬૨,૮૦૦/- તથા અંગ ઝડતીમાંથી મળેલ રોકડા રૂપીયા ૨૨૫૦/- તથા કારમાંથી મળી આવેલ નંબર પ્લેટ તથા બ્રેઝા કાર કિ.રૂ.૯,૦૦,૦૦૦/- ની મળી કુલ્લે કિ.રૂ.૯,૮૬,૫૫૦/- ના મુદ્દામાલ સાથે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

બોગસ માર્કશીટ દ્વારા ૨૫૦ યુવાને સરકારી નોકરી મેળવી

રેકેટના મુખ્ય સાગરીત કેતન જોષી, તનુજા સિંહ, જીતેન્દ્ર પીઠડિયા અને રાજકોટના પારસ લાખાણીની ધરપકડ

રાજકોટ, તા.૨૧

રાજકોટમાં ૩૮ વર્ષથી ફૂલીફાલી રહેલા બોગસ ડિગ્રી અને માર્કશીટ કૌભાંડમાં ઓછામાં ઓછા ૨૫૦ યુવાનોએ નકલી માર્કશીટના આધારે સેના સહિત વિવિધ સરકારી વિભાગોમાં નોકરી મેળવી હોવાનું બહાર આવ્યું છે. આ કેસની તપાસ કરી રહેલી રાજકોટની ડિટેકશન ઓફ ક્રાઈમ બ્રાંચએ આ રેકેટના મુખ્ય સાગરીત અમરેલી જિલ્લાના ખાંભાના રહેવાસી કેતન જોષી, દિલ્હીના તનુજા સિંહ, જામનગરના જીતેન્દ્ર પીઠડિયા અને રાજકોટના પારસ લાખાણીની ધરપકડ કરી છે. રાજકોટમાં જે સંસ્થા પર દરોડો પાડવામાં આવ્યો હતો તે ૬૨ વર્ષીય જયંતિ પટેલ ચલાવતો હતો, જેની અગાઉ ધરપકડ કરવામાં આવી છે. તપાસ અધિકારી વાય બી જાડેજાએ જણાવ્યું હતું કે આરોપીઓએ દેશની રાજધાની દિલ્હીમાં દિલ્હી ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડના નામથી ઓફિસની બનાવી હતી અને જેનું સંચાલન તનુજા દ્વારા કરવામાં આવતું હતું. "જોશી સમગ્ર રેકેટનો માસ્ટરમાઈન્ડ છે. રાજ્યોમાં ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, કર્ણાટક, પશ્ચિમ બંગાળ, મેઘાલય, પંજાબ, બિહાર, હરિયાણા, હિમાચલ પ્રદેશ, દિલ્હી, કેરળ અને ઉત્તરાખંડનો સમાવશે થાય છે.'' ઝડપાયેલા આરોપીઓની પૂછપરછ દરમિયાન આ વિગતો બહાર આવી હતી. ડીસીબીના અધિકારીઓએ જણાવ્યું હતું કે એકલા ગુજરાતમાંથી ૮,૫૦૦ જેટલા લોકોએ આરોપી પાસેથી રૂ. ૧૦,૦૦૦ થી રૂ. ૧૫,૦૦૦ સુધીની રકમ ચૂકવીને નકલી માર્કશીટ અને પ્રમાણપત્રો લીધા હતા. ત્યારબાદ આ વિદ્યાર્થીઓએ રેલવે, પેટ્રોલિયમ વિભાગ, વાયુસેના, અર્ધલશ્કરી દળો, પોસ્ટ ઓફિસ સહિત અન્ય કેટલાક વિવિધ સરકારી વિભાગોમાં નોકરીઓ મેળવી હતી. તાજેતરમાં, ડીસીબીએ એક વિદ્યાર્થી સામે ગુનો દાખલ કર્યો હતો, જે બારમા ધોરણની પરીક્ષામાં નાપાસ થયો હતો, પરંતુ આરોપી પાસેથી મેળવેલી નકલી માર્કશીટના આધારે ઉદયપુરની ડેન્ટલ કોલેજમાં પ્રવેશ મેળવવામાં સફળ થયો હતો.

મામલામાં પોલીસે વધુ તપાસ હાથ ધરી

સુરતમાં ૨૧.૪૮ કરોડનું ઉઠામણું કરનાર ઝડપાયો

અન્ય બંને વોન્ટેડ આરોપી દુબઈ ભાગી ગયા હોવાની માહિતી મળતા પોલીસે તે દિશામાં તપાસ હાથ ધરી છે

સુરત, તા.૨૧

સુરતના વરાછા ગ્લોબલ માર્કેટમાં પેઢી બંધ કરી ૨૧.૪૮ કરોડનું ઉઠામણું કરનાર આરોપીઓ વિરૂદ્ધ દાખલ કરવામાં આવેલી ફરિયાદમાં દલાલ તેમજ મુખ્ય આરોપીને ઝડપી પાડવામાં આવ્યો છે. આ ઘટનામાં પોલીસ દ્વારા ૦૪.૫૦ કરોડ રૂપિયાનો મુદ્દામાલ રીકવરી કરવામાં આવ્યો હતો. અન્ય બંને વોન્ટેડ આરોપી દુબઈ ભાગી ગયા હોવાની માહિતી મળતા પોલીસે તે દિશામાં તપાસ હાથ ધરી છે. સુરતના વરાછા વિસ્તારમાં આવેલા ગ્લોબલ ટેક્સટાઈલ માર્કેટમાં એ.ડી.એસ કલ્ચર તથા અન્ય ફર્મથી દીક્ષીતભાઈ મિયાણી, રવિ તથા અનશભાઈ ઈકબાલભાઈ મોતીયાણીએ ફર્મ શરૂ કરી હતી. આ ત્રણેય ઠગબાજોએ દલાલ રફીક ઉર્ફે અલ્લારખા પેનવાલા, જીતેન્દ્ર માંગુકીયા તથા મહાવીર પ્રસાદ ટાપરીયા સાથે મળી પૂર્વ આયોજિત કાવતરું ઘડી નાખ્યું હતું. આયોજન મુજબ વિવર્સ પાસેથી કપડાનો માલ ખરીદી સમય સર ચુકવણી કરવામાં આવી હતી.

જો કે, બાદમાં આ તમામ ઠગબાજોએ ૧૦૦ થી વધુ વિવર્સો પાસેથી અંદાજીત ૨૪ કરોડનો ગ્રે કાપડનો માલ ખરીદ્યો હતો. બાદમાં બંને ફર્મ બંધ કરી ભાગી છૂટ્યા હતા. આ બનાવ અંગે ઝી ૨૪ કલાક દ્વારા અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યો હતો અને તાત્કાલિક ગૃહમંત્રીએ વિવર્સોને બોલાવી ન્યાય અપાવવાનું આશ્વાસન આપ્યું હતું. બાદમાં વરાછા પોલીસે તુરંત મનોજભાઈ નાગજીભાઈ માવાણીની ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી હતી. પોલીસે એડીએસ કલ્ચર ફર્મના વહીવટ કર્તા મુખ્ય આરોપી દીક્ષીત મિયાની અને માલ વેચનાર અમજીની ધરપકડ કરી જેલ ભેગા કર્યા હતા. અમજી આ કૌભાંડ બાદ દુબઈ ભાગી ગયો હતો. આ સાથે અન્ય આરોપી અનસ અને રવિ પણ દુબઈ ભાગી ગયો છે. જેથી પોલીસની એક ટિમ બનાવી બંનેની શોધખોળમાં લગાવી દેવામાં આવી હતી. આ સાથે પોલીસે ૪.૫૦ કરોડ રૂપિયાનો મુદ્દામાલ પણ કબજે કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, બજાર ભાવ કરતા ઓછા ભાવે માલ કાચા વેચાણ કરી તે આરોપી એમજી પેનવાલાને પકડી ડીટેઈન કરી પૂછપરછ કરી તપાસ કરતા આરોપી દીક્ષીત વરાછા ગ્લોબલ માર્કેટમાં દુકાન રાખી વિવર્સો પાસેથી દલાલ મહાવિર પ્રસાદ ટાપરીયા તથા જીતેન્દ્ર દામજી માંગુકીયા તથા બીજા અન્ય દલાલો મારફતે માલ લઈ આ લીધેલ માલ પોતાના ભાગીદાર આરોપી અનશભાઈ મોતીયાણી તથા આર.એન.સીમાં પણ તેણે ભાગીદારી કરી માલ કાચાને ઓછા ભાવે અમજી સાથે મળી તેને દલાલી આપી વેચાણ કરતા હતા.

તેઓએ જે વેપારીને માલ વેચાણ કરતા તે વેપારીઓ સાથે વિવર્સી ડાયરેક્ટ ન થાય તે માટે તેઓએ આરોપી રવિ ગોહીલના નામે ઓમ ફેબ્રીક્સ ફર્મથી ગ્લોબલ માર્કેટમાં દુકાન ચાલુ કરી અને તેઓની નવી રોલિંગ પાર્ટીને માલ કાચામાં રોકડામાં મોકલતા પરંતુ જેના બિલ ઓમ ફેબ્રીક્સ ફર્મના નામે બનાવી કાચામાં રોકડામાં વેચાણ કરતા હોવાનું બહાર આવ્યું હતું. હાલ પોલીસે બંને આરોપીઓને કોર્ટમાં રજૂ કરી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસના દરોડા દરમિયાન ભાગવા જતાં યુવકનું હૃદય બેસી જતા મોત

સુપેડી ખાતે દારૂ પીવા બેઠેલા અમુક લોકો પર પોલીસે દરોડો કર્યો હતો, આ દરમિયાન ભાગવા જતાં યુવકનું હૃદય બેસી ગયું

રાજકોટ,તા.૨૧

રાજકોટ જિલ્લાના ધોરાજીના સુપેડી ગામ ખાતે એક અચરજ પમાડતી ઘટના સામે આવી છે. જેમાં પોલીસના દરોડા દરમિયાન ભાગી રહેલા એક વ્યક્તિનું હૃદય બેસી જવાથી મૃત્યું નિપજ્યું છે. આ બનાવ ધોરાજીના સુપેડી ગામના આંબેડકરનગર ખાતે બન્યો છે. બનાવ બાદ મૃતકના પરિવારજોએ મૃતદેહ સ્વીકાર વાનો ઈકાર કરી દીધો છે. જે બાદમાં ધોરાજી સરકારી હૉસ્પિટલને પોલીસ છાવણીમાં ફેરવી દેવામાં આવી હતી. મળતી માહિતી પ્રમાણે સુપેડી ગામ ખાતે દારૂ પીવા બેઠેલા અમુક લોકો પર પોલીસે દરોડો કર્યો હતો. આ દરમિયાન ભાગવા જતાં ૪૫ વર્ષના કાંતિલાલ બાબુભાઈ સોલંકી નામના યુવકનું હૃદય બેસી ગયું હતું. જે બાદમાં તેનું નિધન થયું હતું. બાદમાં પોલીસે મૃતદેહને ધોરાજી સરકારી હૉસ્પિલ ખાતે ખસેડ્યો હતો. અહીં પરિવારે મૃતદેહ સ્વીકારવાનો ઈકાર કરી દેતા સિવિલ ખાતે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ સ્ટાફ ખડકી દેવામાં આવ્યો હતો. જે બાદમાં પોલીસે મૃતદેહને ફોરેન્સિક પીએમ અર્થે રાજકોટ ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. આ મામલે મૃતક કાંતિલાલ સોલંકીના પરિવારજનોએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, "મૃતકને દારૂ પીવાની કુટેવ હતી. તેઓ બેઠા હતી ત્યારે પોલીસ આવી હતી. આ દરમિયાન એક પોલીસ કોન્સ્ટેબલ તેમની પાછળ દોડ્યો હતો. કાંતિલાલ ભાગ્યા હતા અને આ દરમિયાન દોડતાં દોડતાં તેમનું મૃત્યું થયું હતું. પોલીસે તેમની પાછળ લાકડી કે કોઈ હથિયારનો ઘા કર્યો હોઈ શકે છે. જ્યાં સુધી પોલીસ કોન્સ્ટેબલ અને તેની સાથે આવેલા લોકો વિરુદ્ધ ફરિયાદ દાખલ નહીં થાય ત્યાં સુધી અમે મૃતદેહ નહીં સ્વીકારીએ. સુપેડી ગામ ખાતે સાંજના સાત આઠ વાગ્યાની આસપાસ આ બનાવ બન્યો હતો. બાદ મૃતકના મૃતદેહને પોલીસ ધોરાજી સિવિલ ખાતે લાવી હતી. અહીં ન્યાયની માંગણી સાથે મૃતકના પરિવારજનો એકઠા થતા સિવિલ ખાતે પોલીસ સ્ટાફ ખડકી દેવામાં આવ્યો હતો.

સુરંગ ધસી

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ સુરંગમાં પશ્ચિમ બંગાળ, આસામ, નેપાળ, જમ્મુ કાશ્મીરના નાગરિકો ફસાયા હતા. રેસ્ક્યુ દરમિયાન બચાવી લેવામાં આવેલા લોકોને રામબન ખાતેની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

ડિવિજનલ કમિશ્નર રમેશ કુમાર અને એડીજીપી (એડિશનલ ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ) મુકેશ સિંહે ઘટના સ્થળની મુલાકાત લીધી હતી. તેમજ ઉપરાજ્યપાલ મનોજ સિન્હાએ કન્ટ્રોલ રૂમમાંથી પરિસ્થિતિ ઉપર નજર રાખી હતી. અધિકારીઓએ જણાવ્યું કે, એનડીઆરએફ અને એસડીઆરએફની ટીમો બચાવ કામગીરીમાં કાર્યરત છે. તેમજ બચાવ કામગીરીને ઝડપી બનાવવા માટે મેજિસ્ટ્રેટની સાથે અન્ય કર્મચારીઓને પણ તૈનાત કરવામાં આવ્યા છે.

દરોડા

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતી કે, જેથી તેમને અન્યની સરખામણીએ થોડી વહેલી શેરની કિંમતોની ખબર પડી જતી હતી. તેનો ફાયદો લઈને તેઓ ભારે નફો કમાઈ રહ્યા હતા. તેના લીધે એનએસઈના ડિમ્યુચ્યુલાઈઝેશન અને પારદર્શિતા આધારીત માળખાનું ઉલ્લંઘન થઈ રહ્યું હતું. અંદરના લોકોએ ગોલમાલ કરીને તે બ્રોકર્સને સર્વર કો-લોકેટ કરીને સીધી એક્સેસ આપી દીધી હતી.

હજુ ગરમ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગરમીનો પારો સાતમા આસમાને રહે છે. મહત્તમ તાપમાન સતત ૪૧ ડીગ્રીની પાર રહે છે. મેં મહીનાની શરૂઆત બાદ મહત્તમ તાપમાન ૪૫ ડીગ્રીની ઉપર પહોંચી ગયુ હતુ જેના લીધે આગ ઓકતી ગરમીથી નગરજનોના આરોગ્ય પર વિપરિત અસર વર્તાઈ હતી જો કે હાલ પણ સતત ગરમીના લીધે લું લાગવા સહીત ગરમીની આડઅસરથી પ્રભાવિત સિનિયર સીટીઝન્સ અને બાળકો વિશેષ પરેશાની વેઠી રહ્યા છે. ગરમીમાં કામ સિવાય ઘરની બહાર ન નિકળવા માટે પણ તબીબોએ સલાહ આપી છે. આકરી ગરમીમાં શ્રમિકોની હાલત પણ દયાજનક બની છે. તપતી ગરમી વચ્ચે વેકેશનના દિવસો ચાલી રહ્યા છે. રજાના દિવસોમાં દિવસે બાળકો વેકેશનની મજા માણી શકતા નથી જયારે ઢળતી સાંજ બાદ નગરનો નઝારો બદલાઈ જાય છે. સેકટરોના ઉદ્યાનોમાં સહેલાણીઓની ભીડ ઉમટે છે. સેકટરવાસીઓ રાત્રિની ઠંડકમાં વોકીંગ કરવા તેમજ બગીચાની હરિયાળી લોનમાં ટહેલવા નિકળી પડે છે. સતત ગરમીના લીધે અબોલ પશુ પક્ષીઓ પણ હેરાન પરેશાન છે. જયારે ગરમીના દિવસોમાં સેવાભાવી આગેવાનો દ્વારા ઠંડી છાસ અને મિનરલ પાણીની પરબો પણ શરૂ કરવામાં આવી છે. કાતિલ ગરમીના મોજા વચ્ચે હરિયાળીને નિખારવા માટે શહેરના સ્વર્ણિમ પાર્ક સહીતના ઉદ્યાનોમાં પાણીનો છંટકાવ પણ વધારી દેવાયો છે. બગીચાઓમાં પણ રાત્રિના સમયે સ્પ્રીન્કલર્સ ચાલુ કરી દેવામાં આવે છે. જેના લીધે હરિયાળી લોનમાં અનોખી ઠંડક છવાઈ જાય છે. ગરમીનો મિજાજ સતત ઉગ્ર રહેતા નગરજનો બેચેની અનુભવી રહ્યા છે. હવે મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રીની અંદર આવી જાય તો હાંશકારો થાય તેવી લાગણી પણ પ્રબળ બની છે.

સામે આવી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ત્યારપછી વધારે કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

પ્રાપ્ત જાણકારી અનુસાર, વિદ્યા સમીક્ષા કેન્દ્રમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોની ઓનલાઈન હાજરી લેવામાં આવે છે, જેમાં ભારે અનિયમિતતા જોવા મળી છે. તંત્ર દ્વારા આ બાબતની ગંભીર નોંધ લેવામાં આવી છે અને ગુલ્લી મારનારા શિક્ષકોની માહિતી એકઠી કરવાની કામગીરી શરુ કરવામાં આવી છે. જે શિક્ષકો સતત ગેરહાજર રહેતા હશે તેમના વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવશે. શિક્ષકોએ ત્રણ મહિનામાં માત્ર ૫૦ ટકા જેટલા દિવસોએ જ હાજરી આપી છે તે એક ચિંતાજનક અને ચોંકાવનારી બાબત છે. આટલુ જ નહીં, ૨૦૦ જેટલા શિક્ષકો એવા પણ છે જેમણે ફરજના ૭૧ દિવસ પૈકી માત્ર ૩-૪ દિવસ જ કામ કર્યું છે. આટલુ જ નહીં, એક પણ દિવસ હાજર ન રહ્યા હોય તેવા શિક્ષકોની માહિતી પણ સમે આવી છે. નિયામક કચેરી દ્વારા એક પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે, જેમાં ફેબ્રુઆરી, માર્ચ અને એપ્રિલ એમ કુલ ૩ મહિનામાં ૮૦ ટકા કરતા વધુ ગેરહાજર રહેનારા બાળકોની, ૫૦ ટકા કરતા વધારે ગેરહજાર શિક્ષકો, ૧૫ દિવસથી વધારે ઓન ડ્યુટી શાળાથી બહાર રહેલા શિક્ષકો અને ૧૫ દિવસથી વધારે ટ્રેનિંગ માટે શાળાથી બહાર રહેલા શિક્ષકોની માહિતી માંગવામાં આવી છે. આ પ્રકારની અનિયમિતતાઓને કારણે બાળકના અભ્યાસ પર માઠી અસર પડે છે.

આજીવન કેદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમજ તેવા સમયના પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંગ યાદવના માર્ગદર્શન હેઠળ સમગ્ર બનાવની તપાસ હાથ ધરવામાં આવી હતી. આ કેસ ગાંધીનગરની ત્રીજા એડી ડીસ્ટ્રીકટ એન્ડ સેશ્નસ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીર તરીકે પ્રિતેશ ડી વ્યાસે દલીલો કરી હતી. જેમાં તેમણે કોર્ટ સમક્ષ જણાંવ્યુ હતુ કે આરોપીઓના કૃત્યથી એક નિર્દોષ વ્યકિતએ જીવ ગુમાવવો પડયો છે. સમાજમાં આવા બનાવો દિનપ્રતિદિન વધતા જાય છે. જેથી દાખલો બેસે તે માટે કાયદામાં દર્શાવેલી પુરેપુરી સજા કરવી જોઈએ. સરકારી વકીલોની દલીલો તેમજ પુરાવાઓને ધ્યાનમાં રાખી જજ ડી કે સોનીએ આ કેસના તમામ આરોપીઓને આજીવન કેદની સજા ભોગવવા આદેશ કર્યો છે.

વેગ આપશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે. ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળે હાથ ધરેલી વિવિધ વર્ગના નાગિરકો માટે હાથ ધરાયેલી યોજનાઓ પણ કોરોના કાળમાં મંદ પડી ગઈ છે. જયારે કોરોના કાળના અંતે છેલ્લા કેટલાક સમયથી કોન્ટ્રાકટરોની હડતાલ અને કવોરી ઉદ્યોગના કારણે આ સઘળા કામો બંધ થઈ ગયા હતા. આગામી દિવસોમાં વિધાનસભાની ચુંટણીના પડઘમ પણ વાગશે અલબત્ત ચુંટણીના દિવસો નજીકમાં આવી રહ્યા છે આવા સંજોગોમાં વિવિધ નગર રચના યોજનાઓ અન્વયે ડેવલપમેન્ટ પ્લાન પ્રમાણેની સુવિધાઓ પુરી પાડવા તંત્ર હરકતમાં આવે તે માટે પણ સુચના આપવામાં આવી છે.

વીજળી પડી

● અનુસંધાન પહેલાનું ચાલુ

સમસ્તીપુરમાં બે લોકોના મોત, જહાનાબાદ, ખાગરિયા, નાલંદા, પૂર્ણિયા, બાંકા, બેગુસરાઈમાં ૧-૧ મૃત્યુ, અરરિયા, જમુઈ, કટિહાર અને દરભંગામાં ૧-૧ મૃત્યુ થયા હોવાની માહિતી મળી રહી છે. નીતિશ કુમારે ટ્વીટ કરીને લખ્યું છે કે રાજ્યના ૧૬ જિલ્લામાં આંધી અને વીજળી પડવાને કારણે ૩૩ લોકોના મોત થયા છે. મૃતકના પરિવારજનોને તાત્કાલિક રૂ. ૪-૪ લાખની સહાય આપવા તેમજ વાવાઝોડા અને વીજળીના કારણે ઘરને થયેલા નુકસાન અને પાકને થયેલા નુકસાનનું સર્વે કરીને અસરગ્રસ્ત પરિવારોને વહેલી તકે સહાય પૂરી પાડવા સૂચનાઓ આપવામાં આવી હતી. મુખ્યમંત્રીએ લોકોને સાવચેત રહેવાની અપીલ પણ કરી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે લોકોને ખરાબ હવામાનમાં અત્યંત સાવધાની રાખવાની અપીલ છે. વાવાઝોડાને રોકવા માટે આપત્તિ વ્યવસ્થાપન વિભાગ દ્વારા સમયાંતરે આપવામાં આવેલા સૂચનોનું પાલન કરો. ઘરમાં રહો અને ખરાબ હવામાનમાં સુરક્ષિત રહો. હવે પ્રાપ્ત માહિતી અનુસાર બિહારનો ભાગલપુર વ